# પ્રસ્તાવના

મારી સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ થઈ રહી છે તેનો મને આનંદ છે.

લેખનની શરૂઆત નાની વયે થઈ હતી અને શાળા-કૉલેજના વર્ષો દરમિયાન ત્રણ-ચાર સંગ્રહો થોય એટલી વાર્તાઓ 'નવનીત' અને 'આરામ' જેવાં અગ્રણી સામયિકોમાં પ્રગટ થઈ હતી. તે પછી લખવાનું અટકી ગયું. આનો માત્ર ઉલ્લેખ કરું છું; તે વાર્તાઓને ગ્રંથસ્થ કરવાનો વિચાર ક્યારેય આવ્યો નથી.

લાંબા વિરામ પછી લખવાનું 1997માં શરું કર્યું અને આજ સુધી નિયમિત લખતો રહ્યો છું. સર્જન પ્રવૃત્તિએ જીવનમાં પાછલાં વર્ષોમાં મને જીવંત રાખ્યો છે અને આંતરિક સમૃદ્ધિ આપી છે. આ મારી પ્રાપ્તિ છે. આ નિમિત્તે કેટલાંક મિત્રો મળ્યા, નનો પણ સહૃદય વાતકોનો વર્ગ મળ્યો.

આ વાર્તાઓ 'નવનીત સમર્પણ', 'શબ્દસૃષ્ટિ', 'પરબ', 'ગદ્યપર્વ' તથા અન્ય સાહિત્યિક સામયિકોમાં પ્રગટ થઈ છે. તે માટે તેના સંપાદકો દીપક દોશી, હર્ષદ ત્રિવેદી, રમેશ દવે, યોગશ જોષી તથા ભરત નાયકનો હું ઋણી છું. વિશેષ ઉલ્લેખ દીપક દોશીનો કરવો જોઈએ, જેમણે આમાંની લગભગ અડધી વાર્તાઓ પ્રગટ કરી!

સદ્‌ભાગ્યે મને પ્રકાશકો પણ બહુ સારા મળ્યા છે. 'ગુર્જર'ના શ્રી મનુભાઈ શાહ, 'લજ્જા પબ્લિકેશન્સ'ના કનુભાઈ પટેલ તથા 'ડિવાઇન પબ્લિકેશન્સ'ના અમૃતભાઈ ચૌધરી; આ સહુનો હું આભારી છું.

મારાં મોટાભાગનાં પુસ્તકો અપ્રાપ્ય હતાં અને કોઈ દિશામાં નવી આવૃત્તિ કરવા બાબતે ઉત્સાહ દેખાતો ન હતો; આવા સંજોગોમાં ઝેન ઓપસે એક-બે નહીં સમગ્ર વાર્તાઓ એક સાથે પ્રગટ કરવાની તૈયારી બતાવી. બાર વાર્તાસંગ્રહો અને લગભગ અઢીસો વાર્તાઓ; મને એમ કે બે ભાગ થશે, તો ઝેન ઓપસે ચાર ભાગમાં તેને પ્રગટ કર્યા જેથી હાથમાં લઈ વાચવામાં સરળતા રહે!

દરેક તબક્કે મારી અનુકૂળતાનો વિચાર કર્યો અને આટલું મોટું કાર્ય ધાર્યા કરતાં વહેલું પૂરું કર્યું તે માટે ઝેન ઓપસનો ઋુણી છું.

17-10-2025 **– પ્રવીણસિંહ ચાવડા**

# હઠીસિંગની સ્ત્રી

હઠીસિંગ ખૂબ વ્યસ્ત માણસ હતો. જમીનના સોદા, નવી ફૅક્ટરીના પ્લાન, કશાકની એજન્સી–નવી નવી યોજનાઓ આકાર લીધા કરતી. પોલીસ ઇન્સ્પેક્ટર, મામલતદાર અને બેંક મૅનેજર સામે ચાલીને એને મળવા આવતા. હમણાં હમણાં વળી એને કો-ઓપરેટિવ પ્રવૃત્તિમાં રસ પડ્યો હતો. એના નેજા નીચે કોટન મિલની સ્થાપના કરવી તથા ડેમ કે નદીના, રેલવેના પુલ બાંધવાના કોન્ટ્રાક્ટ લેવા એવો ખ્યાલ હતો. સાથે સાથે કો-ઓપરેટિવ બેંકની સ્થાપના પણ કરવી, જેથી ધંધા માટે કોઈની આગળ હાથ લંબાવવો પડે નહીં. આ વિચારધારા લંબાઈને શિક્ષણ સુધી ગઈ હતી. મિલ અને બેંકનું બરોબર ગોઠવાઈ જાય તે પછી સ્કૂલ, કૉલેજ, કન્યા છાત્રાલય શરૂ કરવાં એવું એનું આયોજન હતું. શિક્ષણને લગતાં પુસ્તકોનો અભ્યાસ કરવાની સૂચના પણ એણે એના સાથીદારો અને મુનીમોને આપી દીધી હતી.

આટલો મોટો વહીવટ; એ માટે માલિકને ક્યાં ક્યાં જવું પડે અને શું શું કરવું પડે એની સમજ એની સ્ત્રીને ક્યાંથી હોય? સ્ત્રી પણ ન કહેવાય; હતી કાચી છોકરી, કૉલેજમાં ભણવાની એની ઉંમર. તેથી તો શહેરમાં વાતો થતી કે હઠીસિંગ બિચારી છોકરીને બળજબરીથી ઉપાડી લાવ્યો છે અને ઘરમાં પૂરી રાખી છે. આ અફવા સાંભળીને સ્ત્રીને હસવું આવતું. એ તો મોટી મૂછવાળા આ મરદના પ્રેમમાં પડી એની સાથે ભાગી આવી હતી એવું કોને કોને કહેવા જાય?

વહીવટ ઘરના આગળના ભાગમાં ચાલતો; પાછળના ભાગમાં સ્ત્રી અને બે-ત્રણ નોકરો. હઠીસિંગ ક્યારે ક્યાં જાય તેના નિયમો નહોતા. એક દિવસનું કહીને જાય અને દસ દિવસે આવે. રાત્રે મોડે સુધી સ્ત્રી એની વાટ જોતી બેસી રહે. આંખો ઘેરાય અને ખુરશીમાં બેઠે બેઠે જ ઊંઘ આવી જાય. ઝબકીને જાગે ત્યારે પરોઢ થઈ ગયું હોય. હજુ કેમ નહીં આવ્યા હોય? ક્યાં ગયા હશે?

પૂછે તો સામો પ્રશ્ન આવતો, "તમારે શું કામ છે?"

"ના, આ તો..."

"લક્ષ્મી, તમારે આ બધી પંચાતમાં પડવાની જરૂર નથી."

પૂર્વાશ્રમનું કોઈ ચિહ્ન રહ્યું નહોતું. એને પોતાનું નામ હશે, પણ હઠીસિંગ એને લક્ષ્મી કહેતો.

આ ઘેર લઈને આવ્યો ત્યારે પ્રથમ દિવસે કહ્યું હતું–આ તારું ઘર. તું મારા ઘરની લક્ષ્મી.

બેડરૂમમાં એક ખીંટી પર બંદૂક લટકતી રહેતી. રિવૉલ્વર સિવાય હઠીસિંગ ઘરની બહાર પગ મૂકતો નહીં. ઘરનો આગળનો ભાગ ઑફિસ તરીકે ઓળખાતો. કોઈ વાર લક્ષ્મી બારણાની તિરાડમાંથી એ ભાગમાં નજર કરે તો ચિત્રવિચિત્ર દેખાવવાળા માણસો જોવા મળતા. કાળો, પીળો કે લાલ એવા સ્પષ્ટ ઘેરા રંગોવાળા વેશ, ભીષણ મૂછો. વિકરાળ થોભિયા. દરેક પાસે બંદૂક તો ખરી જ.

લક્ષ્મીને પ્રશ્નો થતા. આટલાં બધાં હથિયારોની શી જરૂર?

યુદ્ધ ખેલવું હશે?

હિંમત કરીને પૂછ્યું ત્યારે માલિક તરફથી અગાઉવાળી, પંચાતમાં ન પડવા વિશેની સલાહ મળી. સાથે બીજી સૂચના પણ મળી : નથી ને ક્યારેક પોલીસ આવીને ઊભી રહે અને આડીતેડી પૂછપરછ કરે તો એક જ વાત પકડી રાખવાની કે મને કશી ખબર નથી. સમજ્યાં?

લક્ષ્મીએ ચૂપચાપ હા પાડી. એવું ન બોલી કે એને ખરેખર કશી ખબર નહોતી અને તેથી ઇચ્છે તો પણ બીજો કોઈ ઉત્તર આપી શકે તેમ નહોતી.

બીતાંબીતાં આટલું પૂછી લીધું, “પોલીસ... શા માટે આવે? અને ઇન્સ્પેક્ટર તો તમારા મિત્ર છે. દિવસમાં બે-ત્રણ વાર ફોન કરે છે, સાથે દારૂ પીએ છે.”

“આ તો બધું રાજકારણ છે! અને આજના જમાનામાં, તમને ખબર તો છે ને કે, સાચા માણસને હજાર દુશ્મન.”

સાચા માણસને દુશ્મન શા માટે હોય તે લક્ષ્મીની સમજમાં ઊતર્યું નહીં.

●

મકાનની એક વિશિષ્ટતા તરફ લક્ષ્મીનું ધ્યાન ગયું. આગળનો અને પાછળનો ભાગ એકબીજાથી સાવ જુદા પડી જતા હતા. આગળનો ભાગ મોટો, આરસ અને ગ્રેનાઇટવાળો; પાછળનો નાનો ભાગ સાવ ગામડાના ઘર જેવો. ઈંટ અને માટીનું ચણતર. પુષ્કળ પ્રમાણમાં લાકડું. બારીબારણાં અને કુંભીઓમાં ઝીણું નકશીકામ. ભીંત પર એક જગ્યાએ ગણેશજી ચીતરેલા હતા. બીજી ભીંતમાં આવો પધારો બેસો પ્રેમથી એવું ગરબડિયા અક્ષરોનું સંગીત ગૂંથેલું હતું.

કંઈ મેળ બેસતો નહોતો; બે પ્રાણીઓને સાંધીને એક બનાવ્યાં હોય એવું લાગતું હતું.

માવજી નામના વૃદ્ધ નોકરને પૂછ્યું ત્યારે મકાનના આ જોડિયા સ્વરૂપનું રહસ્ય જાણવા મળ્યું. પાછળનો જૂનો ભાગ, ઈંટો અને લાકડાવાળો, તે હતું હઠીસિંગસાહેબનું મૂળ, બાપદાદા વખતનું ઘર, જ્યાં પોતે જન્મીને મોટા થયા હતા. બાપુજી પ્રાથમિક શાળામાં માસ્તર હતા ને! શેઠના હાથમાં વહીવટ આવ્યો તે પછી દેશનાં બે ઘર ખરીદી લીધાં અને આલીશાન ઑફિસ બનાવી.

લક્ષ્મીએ પ્રશ્ન કર્યો, “એ ઘરોમાં કોણ રહેતું હતું?”

“પરચૂરણ વસ્તી. મેલો એમનું નામ. આપણી પડોશમાં શોભે નહીં.”

“એ લોકોએ... ખાલી કરી દીધાં? પેઢીઓથી રહેતાં હશે તે ઘર છોડવાની ના ન પાડી?”

“તગેડી મૂક્યાં. શેઠના મોઢેથી શબ્દ નીકળે પછી કોની તાકાત છે કે અને ઓછાં જ મફતમાં પડાવી લીધાં છે? પચીસ થતા હતા ત્યાં પચાસ આપ્યા, સો આપ્યા. નોટોનાં બંડલ ફેંક્યાં. ઉઠાવો! એ પાડી નાખી નવેસરથી ચણતર કર્યું. ભોંયરું અને ઉપર બે માળ. ઑફિસ, ગેસ્ટ હાઉસ.

“ભોંયરું?”

“એ તો હોય જ ને!”

લક્ષ્મીના મનમાં પ્રશ્ન ચચરતો રહ્યો. તગેડી મુકાયેલાં ક્યાં ગયાં હશે? બીજા અનેક પ્રશ્નો હતા પણ એ બોલી નહીં. એને જૂના ભાગમાં વિશેષ રસ પડવા લાગ્યો. પાણિયારું. તાંબાની ચરુડીઓ. કૂંડી. માટીની કોઠીઓ. લાકડાની મોટી મજૂસ.

●

એક વાર લક્ષ્મીને પાછળની ભીંતમાં બારણું જડ્યું. હા, હતું તો બારણું જ. માટીની મોટી કોઠીઓ સળંગ ગોઠવેલી; તેની પાછળ ઢંકાયેલું હતું તેથી આજ સુધી દેખાયું નહોતું.

આ તો હતી ઘરની પછીત; એમાં બારણું?

માવજીને પૂછ્યું ત્યારે ખબર પડી કે અસલ જે જૂનું ઘર હતું, શિક્ષક પિતાનું, તેનું સાચું બારણું આ. શેઠે એના પૂંછડે બંગલો જોડી દીધો. બંગલાને તે આવું શોભે? તેથી, એ ઉગમણું બારણું બંધ કરી બંગલાનો મેઇન ગેટ આથમણો, બજાર તરફ રાખ્યો.

એટલે કે ઘર પીઠ ફેરવીને બેઠું હતું. લક્ષ્મીએ હળવેથી પૂછ્યું, “માવજીકાકા, પાછળ... શું હશે?”

“મજૂરો, કારીગરો, ધૂળ અને ઢેફાં.”

“તે... આ બારણું...ન ઉઘાડાય?”

“જોજો બા, કોઈની આગળ આવું બોલતાં. શેઠને ખબર પડશે તો...”

લક્ષ્મીમાં મૃદુ હઠ આવી હતી. માવજીની ચેતવણીને અવગણી રાત્રે એણે પૂછી જ લીધું. હઠીસિંગ ગુસ્સે ન થયો કે હાથ ન ઉગામ્યો. સ્ત્રીની લટો સાથે રમતાં પૂછ્યું, “બારણું ઉઘાડીને શું કરશો?”

“થોડી હવા આવે તો સારું લાગે.”

“હવા આપણા ઘરમાં ઓછી નથી, છતાં ભલે; કાલે જ એ વ્યવસ્થા કરીશું.”

અશક્ય માન્યું હતું તેને માલિકે સરળ બનાવી દીધું. મોટો ડુંગર, તે ટચલી આંગળીથી ખસેડી દીધો! લક્ષ્મીની આંખોમાં કૃતજ્ઞતાનાં પાણી આવી ગયાં.

હઠીસિંગે એને છાતી સાથે ચાંપી, “ખુશ?”

“આમ જુઓ મારી સામે.”

“શું?”

“તમને વહેમ તો નથી જતો ને?”

“કેવો વહેમ?”

“કે હું પાછલે બારણેથી નાસી જઈશ?”

હઠીસિંગને ખૂબ હસવું આવ્યું. એણે સ્ત્રીને વધારે વહાલથી બાથમાં લીધી.

●

માટીની કોઠીઓનો ઉપયોગ એક જમાનામાં અનાજ ભરવા માટે થતો હશે; અત્યારે તે કોઈ કામની નહોતી, છતાં લક્ષ્મીએ એમને ભાંગવા દીધી નહીં. નોકરો પાસે ખસેડાવી બીજે મુકાવી. કટાઈ ગયેલું તાળું તોડવામાં આવ્યું. પાછળનો ઓટલો સાફ થયો. નાનકડાં શેઠાણીનો તરંગ સંતોષવા માટે જ આ નિરર્થક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી તે નોકરો સમજતા હતા અને તેથી એમને ગમ્મત થતી હતી. નાદાન બાળકને ફોસલાવવાની રમત. બે-ચાર દિવસમાં વળી નવો તરંગ આવશે બારણું બંધ કરો!

વાળીઝૂડી ઝાપટી ઓટલા ઉપર ખુરશી મૂક્તાં એક નોકરે કહ્યું, "બિરાજો, બા."

લક્ષ્મી બેઠી નહીં; બારસાખને ખભો ટેકવીને ઊભી રહી.

એને એમ હતું કે બારણું ઊઘડશે ત્યારે સાવ સાંકડી ગલી અને ગીચ વસ્તી જોવા મળશે, પણ અહીં તો કંઈક જુદું જ નીકળ્યું. મોટો ખુલ્લો ચોક અને એની વચ્ચે પીપળો. પીપળાને ફરતો પાકો ઊંચો ઓટલો. પાંચ-સાત વૃદ્ધો, ધોતિયાં અને ફાળિયાંવાળા, ઓટલે બેઠાબેઠા ચલમ પીતા હતા. થોડાં મેડીબંધ મકાનોને બાદ કરતાં બાકીનાં બધાં નાનાં, નળિયાંનાં છાપરાંવાળાં હતાં. આંગણાંમાં લીંપણ. કોઈ આંગણામાં લીંબુડી. ક્યાંક કરેણનો છોડ.

વર્ષો પછી બારણું ઊઘડ્યું અને એમાં અજાણી સ્ત્રીને ઊભેલી જોઈ તેથી પડોશીઓને પણ ઓછું વિસ્મય નહીં થયું હોય. હાથમાંનું કામ પડતું મૂકીને પડોશણો એને જોઈ રહી. મોઈદંડો રમતાં છોકરાંની રમત અટકી ગઈ. લક્ષ્મીને થયું, જેવાં છે તેવાં, આ માણસો કોઈ પણ સ્થળે શોભે એવાં નથી તેમ તો ન કહી શકાય. શોભવું-ન શોભવું એ નક્કી કરવાનાં ધોરણો ક્યાં? લજવી મારે એવું અહીં શું હતું ચલમ પીતા વૃદ્ધો? ધૂળભર્યાં બાળકો? દૂબળી, લાંબા ચોટલાવાળી સ્ત્રીઓ?

આંગણું તો એના ઘરને પણ હતું. બીજા દિવસે એણે એ સાફ કરાવ્યું અને નોકરોને વિનંતી કરી, "આની ઉપર લીંપણ થઈ શકે?"

લીંપણ થયું પછી બીજી માગણી રજૂ કરી, "અહીં ચકલાં. બહુ આવે છે."

બોલવાની એની રીત આવી હતી. અટકી અટકીને બોલવું. અડધું વાક્ય, થોડા શબ્દો. શેઠાણી હતી છતાં હુકમ કરી શકતી નહીં. નોકરો સાથેના વ્યવહારમાં પણ વિનંતી સિવાય બીજો સૂર નીકળતો નહીં.

"માટીની કૂંડી જેવું કંઈ બજારમાં મળતું હોય તો, અહીં નેવાં નીચે..."

રોજ સાંજે એ ઓટલા પર બેસતી. કોઈ બાળક રમતુંરમતું આવે તો ઊભું રાખીને પૂછતી : નામ શું? શામાં ભણો છો? સ્ત્રીઓએ શરૂઆતમાં દૂરથી હાસ્યનો વ્યવહાર સ્થાપ્યો; પછી એક એક સંકોચ સાથે આવવા લાગી. કોઈનો પતિ કારકુન હતો, કોઈનો શિક્ષક. થોડા પુરુષોને એ સાઇકલ પર એલ્યુમિનિયમનું ટિફિન લટકાવીને જતાં જોતી. તે કારખાનામાં મજૂરી કરતા હશે.

એક દિવસ એક છોકરી નાની થાળી લઈને આવી, "મારી બાએ મેથીના ગોટા બનાવ્યા છે!

વિનિમયમાં સામે આપવા માટે એની પાસે શું હતું?

એ સમસ્યાનો ઉકેલ મળી ગયો. કોઈ કોઈ મા બાળકને એની પાસે મોકલવા લાગી. જા લખમીબા પાંહે. ના આવડતું હોય તો એમને પૂછ. એમને બધું આવડે.

દાખલો ગણી દે કે અંગ્રેજીના વાક્યમાં ખાલી જગ્યા પૂરી આપે ત્યાં લક્ષ્મીનું કામ પૂરું થતું નહીં. એ બાળકના નખ કાપતી, મોં ધોઈ સાડીના છેડાથી લૂછી આપતી, માથું હોળી દેતી.

જુઓ, હવે કેવા રૂપાળા લાગો છો!

●